ॐ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

* જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો *

સંવત ૨૦૪૯



કદી થાકું, તુજ બળ દઈ પ્રાણ પૂરજે,
દયા પ્રીતિ માનું હું દઈ સદા અંક ધરજે;
નમુ સાષ્ટાંગે હું જગત જનની સહાય કરજે.

પ્રકાશક : શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા (કચ્છ)

કિંમત રૂા.

ॐ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

* જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો *

સંવત ૨૦૪૯



કદી થાકું, તુજ બળ દઈ પ્રાણ પૂરજે,
દયા પ્રીતિ માનું હું દઈ સદા અંક ધરજે;
નમુ સાષ્ટાંગે હું જગત જનની સહાય કરજે.

પ્રકાશક : શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ

પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા (કચ્છ)

કિંમત રૂા.

નિવેદન

આપણી જ્ઞાતિના ભાઈ-બહેનો કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના જિલ્લાઓ તેમજ અન્ય પ્રાંતોમાં અને પરદેશમાં વસી રહ્યાં છે. જેથી આવતી પેઢીઓનો જ્ઞાતિ સંબંધ બરાબર જળવાઈ રહે અને તમામ રીતરિવાજોની સંપૂર્ણપણે એકવાયતા જળવાય, તે માટે જન્મ, લગ્ન કે મરણ જેવા શુભાશુભ પ્રસંગોએ પાળવાના સામાજિક ધારા-ધોરણ અને રીતરિવાજો એક પ્રકારના થાય તે માટેનું પ્રથમ લેખિત બંધારણ તા. ૧૦-૫-૬૦ ના જ્ઞાતિના ખુલ્લા અધિવેશનમાં લગભગ વીસ હજાર ભાઈ-બહેનોની હાજરીમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતું.

આપણી જ્ઞાતિ દિન-પ્રતિદિન વધુ સંગઠિત બને અને પરસ્પર સહકારની ભાવના વધુ દઢ બને તેવા શુભ હેતુથી અને તૃતિય અધિવેશન ૧૯૮૫માં પસાર થયેલ રીતરિવાજોના નિયમોમાં સમયાનુસાર પરિવર્તન કરવા તેમજ નવા ઠરાવો કરવાની આવશ્યકતા જણાતાં જ્ઞાતિની ચતુર્થ ખુલ્લી પરિષદ તા. ૩૦-૪-૯૩ને શુક્રવાર બપોરના ૨-૩૦ કલાકે શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણાના પ્રાંગણમાં કચ્છ- ગુજરાત અને દેશ પરદેશમાંથી આવેલ લગભગ અઢાર હજાર ભાઈ-બહેનોની હાજરીમાં આનંદ અને ઉલ્લાસથી મળેલ. આ પરિષદમાં કચ્છનાં ગામે ગામ અને ગુજરાતના કંપા તથા બહારથી આવેલ ખાસ પ્રતિનિધિઓની બનેલ વિષય વિચારણીય સમિતિએ ખૂબજ ઝીણવટભરી વિચારણા કર્યા બાદ અગાઉના નિયમોમાં આજની પરિસ્થિતિને અનુરૂપ સુધારા-વધારા સાથે ઠરાવો અને મૂળ ઠરાવો આ જ્ઞાતિ પરિષદમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

આપણા આ રીતિરિવાજોના ઠરાવો કરવાના મુખ્ય ઉદ્દેશ્યો જેવા કે, સમાજના ગરીબ, મધ્યમ કે શ્રીમંત સર્વે જ્ઞાતિજનોના સામાજિક વ્યવહારમાં સંપૂર્ણપણે એકવાયતા જળવાય, લેતી-દેતીના વ્યવહારોમાં સામાન્ય માણસને પણ પરવડે અને ખોટા ખર્ચમાં ઉતરવું ન પડે, તેમજ દેશ-પરદેશમાં વસતા જ્ઞાતિજનોની ધંધાકીય સગવડતા જળવાય વિગેરે બાબતોને લક્ષમાં રાખી ઠરાવો કરવામાં આવેલ છે.

આપણા ઠરાવો સામાન્ય રીતે રિવાજોના છે પરંતુ ઠરાવ નં. ૧૩ છૂટા-છેડા સંબંધનો છે. એક વખત સમજી વિચારીને અગ્નિ, કુટુંબ અને સગાસંબંધીઓની સાક્ષીએ લગ્નગ્રંથિથી જોડાયા બાદ છૂટા-છેડા લેવા એ

સામાજિક દૂષણ ગણાય છે. આ બાબતે સામાજિક રીતે વધારે સક્રિય થવાની જરૂર છે. દરેક કુટુંબના તથા ગામેગામના તકેદારી સમિતિના કાર્યકર્તાઓ સક્રિય થશે તો છૂટા-છેડાનાં કિસ્સાઓ ભાગ્યે જ થવા પામશે.

આપણા માટે ગૌરવનો વિષય ગણાય કે યુવકોએ અખિલ ભારતીય ધોરણે રચેલ યુવક સંઘે પોતાના બંધારણનાં ઉદ્દેશ્ય પૈકીનો એક મુખ્ય ઉદ્દેશ્ય સમાજના નિયમો અને રીતરિવાજોનું પાલન કરાવવું એ સ્વીકારેલ છે. આથી યુવાશક્તિ સક્રિય થવાથી સમાજના દરેક પ્રકારના સંગઠન મજબૂત થવામાં સહાયભૂત બનશે.

યુવક સંઘની ત્રીજી પરિષદમાં નીચે લખ્યા મુજબના મહત્ત્વનાં નવ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. (૧) પ.પૂજ્ય નારાયણજી બાપા અંગે (૨) યુવક સંઘનાં સંગઠન બાબત (૩) વલ્લભવિદ્યાનગર હોસ્ટેલ અંગે (૪) સમાજના નીતિનિયમો પાળવા અંગે (૫) પરિવાર મિલનો અંગે (૬) શિષ્યવૃત્તિ અંગે (૭) યુવાનોનાં આચરણ બાબતે (૮) યુવક સંઘનું સમાજમાં પ્રતિનિધિત્વ અંગે તથા (૯) ઘુંઘટ પ્રથા અંગે.

યુવકસંઘના સમાજોપયોગી કાર્યોને સમાજ પ્રોત્સાહન આપે છે તેવી જ રીતે આ વર્ષે મહિલાઓએ વિશેષ જાગૃતિ દાખવી છે તે આપણે તેમની મળેલ સ્વતંત્ર પરિષદમાં જોઈ શકયા અને તે માટે સક્રિય બહેનોનાં પુરૂષાર્થ, સંગઠનની શક્તિ બદલ સમાજ ખૂબ-ખૂબ ધન્યતા અનુભવે છે. મહિલાઓની મળેલ બીજી સ્વતંત્ર પરિષદમાં નીચે જણાવ્યા મુજબનાં ચાર ઠરાવો પસાર કરવામાં આવેલ. ઠરાવ નં. (૧) મહિલા મંડળને માન્યતા આપવા અંગે, (૨) શિક્ષણ અંગે (૩) ઘુંઘટ પ્રથા અંગે તથા (૪) બહેનો પરના અત્યાચારોને રોકવા અંગે.

મહિલા પરિષદનાં ઉપરોક્ત ઠરાવોમાંથી ઠરાવ નં. ૨ ને સમાજે તેમના ઠરાવ નં. ૧૬માં સ્વીકારેલ છે અને ઘુંઘટ પ્રથા અંગેના ઠરાવને સમાજ પ્રોત્સાહન આપે છે.

આશા છે કે આપ સૌ જ્ઞાતિજનો આ ઠરાવોનું પાલન કરી સમાજનાં કાર્યોમાં સહકાર આપશો એ જ અપેક્ષા સાથે.

વાલજીભાઈ નારાણ ભગત — **મંત્રી**

પ્રેમજીભાઈ પુંજાભાઈ પટેલ — **પ્રમુખ**

શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ

realpatidar.com

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
-: ચતુર્થ અધિવેશન :-

તા. ૩૦/૪/૯૩ના ખુલ્લા અધિવેશનમાં પસાર થયેલ ઠરાવો

:: ઠરાવો ::

ઠરાવ નં. ૧

જ્ઞાતિના રીતરિવાજોના ઠરાવો અંગે :

તા. ૧૯/૫/૧૯૮૫ નાં મળેલ જ્ઞાતિના તૃતિય અધિવેશનમાં રીતરિવાજોના ઠરાવો પસાર કરેલ. જેમાં આઠ વર્ષ બાદ આજ તા. ૩૦/૪/૧૯૯૩ના રોજ બપોરના ૨-૦૦ કલાકે મળેલ ચતુર્થ પરિષદમાં સમયોચિત જરૂરી સુધારા-વધારા તેમજ નવા ઠરાવો કરવાની આથી જ્ઞાતિજનો મંજૂરી આપે છે.

ઠરાવ નં. ૨

બોલામણા સંબંધે :

બાળકના જન્મ પછી બોલાવવાના પ્રસંગે બાળકની માતાનાં સગા ભાઈ-બહેનો તથા કાકાઈ ભાઈઓએ જ માત્ર જવાનું રહેશે. અન્ય કોઈએ જવાનું નહીં અને આવા પ્રસંગે એક ટાણાંથી વધુ રોકાવું નહીં.

ઠરાવ નં. ૩

પછેડો આપવા સંબંધે :

દીકરીને પહેલું બાળક જન્મે ત્યારે, તે નિમિત્તે પછેડો બન્ને પક્ષોની અનુકૂળતા પ્રમાણે આપવો.

ઠરાવ નં. ૪

સગપણ કરવા સંબંધે :

(અ) બાળકોના તદ્દન નાની વયે સગપણ કરવા નહીં. સગપણ કરવા માટે વય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) છોકરાની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષ.

(૨) છોકરીની વય ઓછામાં ઓછી ૧૫ વર્ષ.

(બ) સગપણ કરતી વખતે દિકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી.

(૧) સોપારી નંગ - ૧

(૨) ટોપરા અથવા નાળિયેર નંગ - ૨

(૩) ગોળ અથવા સાકર કિલો ૧I (સવા)

(૪) રૂપિયો એક રોકડો

ઉપર જણાવ્યા સિવાય પૈસાની કે બીજી કોઈપણ વસ્તુઓની લેતી દેતી કરવી નહીં.

(ક) સામસામે સગપણ કરવા નહીં.

(ડ) સોપારી સગપણ થયા બાદ કોઈપણ સંજોગોમાં થયેલ સગપણ ફોક કરવું જોઈએ નહીં.

ઠરાવ નં. ૫

સગાઈ (ટીલા) સંબંધે :

સગાઈ (ટીલા) સંબંધે દિકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી

(૧) ઓઢણી - બ્લાઉઝ - ચણિયો.

(૨) ગોળ અથવા સાકર કિલો ૧I (સવા)

(૩) શુભ શુકનનો રૂપિયો ૧-૨૫ (સવા) રોકડો

(૪) પગનાં સાંકળાં જોડી - ૧

(૫) નાકની સળી નંગ - ૧
આ પ્રસંગે વધારેમાં વધારે પચ્ચીસ ૨૫ માણસોએ જવું, અને એક ટાણાંથી વધારે રોકાવું નહીં.
છોકરાને ટીલાની વિધિ કરવી નહીં.

ઠરાવ નં. ૬
તહેવારોના લાગા સંબંધે :

સગપણ થયા પછીના આવતા પહેલા તહેવારે દિકરાના માવિત્રે રૂા.૨૫/- (પચ્ચીસ) તથા ત્યાર પછીના તહેવારોએ રૂા.૧૦/- (દશ) દિકરાની વહુને મોકલવા.

નોંધ : ઉપર જણાવ્યા મુજબના લાગા (સપેતરૂં) દિવાળી-હોળી અને જન્માષ્ટમીના તહેવારોએ જ મોકલવા.

ઠરાવ નં. ૭
લગ્ન લખવા તથા વધાવવા સંબંધે :

(૧) લગ્ન લખતી વખતે કન્યાપક્ષે લગ્નપત્રિકાના પુડામાં શુભ શુકન તરીકે રૂા. ૧-૨૫ (સવા) મૂકવો.
(૨) લગ્ન વધાવતી વખતે વરપક્ષે શુભ શુકન તરીકે રૂા.૧-૨૫ (સવા) આપીને લગ્ન વધાવવું.
(૩) લગ્ન પત્રિકા વધાવવા લઈ જવા માટે કન્યાપક્ષ તરફથી બે માણસોએ વરપક્ષના ઘેર જવું અને તેઓએ એક ટાંણું રોકાવું.

ઠરાવ નં. ૮
લગ્ન (વિવાહ) સંબંધે :

(૧) વર અને અણવર સિવાય જાનમાં વધારેમાં વધારે ૧૦૦ (એકસો) માણસો જઈ શકશે અને કન્યાપક્ષે જાનને એકટાંણું જમાડવી.

નોંધ: બહુ દૂરથી આવનાર જાનને અનિવાર્ય સંજોગોમાં બે ટાંણા જમાડી શકાશે.

(૨) લગ્ન પ્રસંગે વરપક્ષે લાગા તરીકે નીચે મુજબ આપવાનું રહેશે.
- (૧) પોંખવાના રૂા. ૫ (પાંચ)
- (૨) પડલું ભરવું નહીં.
  વરપક્ષ જાન લઈને કન્યાપક્ષને ત્યાં જાય ત્યારે એક ચુંદડી (ગરચોળુ) બ્લાઉઝ, ચણીયો કન્યાને આપવાના રહેશે, જે પહેરીને કન્યા લગ્ન મંડપમાં આવશે.
- (૩) દાંતની ખરખરી નંગ - ૧
- (૪) વીંટી નંગ - ૧

નોંધ: વરપક્ષે વાંયણુ તેમજ હેલવાડાનો લાગો આપવાનો રહેશે નહીં.

(૩) કન્યાપક્ષ તરફથી વરપક્ષને નીચે મુજબના લાગા આપવાના રહેશે.
- (૧) જમાઈને રોકડા રૂા. ૧૦૧/- અથવા કપડાંની જોડ.
- (૨) વરના પિતાને રૂા.૫૧/- અથવા કપડાં
- (૩) વરની માતાને રૂા.૫૧/- અથવા કપડાં
- (૪) વરના દાદાને રૂા. ૨૫
- (૫) વરની દાદીને રૂા. ૨૫
- (૬) બાકીના કુટુંબીજનો (કાકા-કાકી, જેઠ-જેઠાણી, વગેરે) દરેકને પહેરામણીના રૂા.૧૦/-(દશ-દશ) આપવા.
- (૭) હેલને બદલે રૂા. ૧૫૧ (એકસો એકાવન) રોકડા આપવા.
- (૮) થાળી નંગ - ૧ અને વાટકો નંગ - ૧

(૪) કન્યાદાનમાં પોતાની શક્તિ મુજબ રોકડું આપવું અને તેની જાહેરાત કરવી નહિ.

(૫) લગ્નવિધિ પૂરી થયા બાદ કન્યા વરના ઉતારે જાય ત્યારે નવવધૂનો ખોળો ભરવામાં વરપક્ષ તરફથી પતાસા અથવા સાકર કિલો ૧। (સવા) આપવાના રહેશે.
ફક્ત નવવધૂને જ જાનૈયાઓએ માથે હાથ ફેરવવાનો (આશીર્વાદ આપવાના) રહેશે.

નોંધ: આ પ્રસંગે કોઈપણ જાતનો પ્રસાદ વહેંચવાનો નહીં અને અનિચ્છનીય નવી પ્રથાઓને પ્રોત્સાહન આપવું નહીં.

(૬) લગ્ન પ્રસંગે કન્યાપક્ષે ઈતર લાગા તરીકે નીચે મુજબ આપવાના રહેશે.

(૧) ઉમિયા માતાજીને ભેટના રૂા. ૨૫/- (પચ્ચીસ).
(૨) શ્રી મંદિરના ધર્માદાના રૂા. ૨૫/- (પચ્ચીસ).
(૩) વરપક્ષ તેમજ કન્યાપક્ષે આ શુભ-પ્રસંગ નિમિત્તે શિક્ષણ ભેટ સમાજને મોકલવી અને ગોળ કરવી નહીં.

ઠરાવ નં. ૯

સમૂહ લગ્ન સંબંધે :

(૧) આપણી જ્ઞાતિમાં લગ્નો દર વર્ષે અનુકૂળતાએ થઈ શકશે.
(૨) કોઈપણ ગામ કે કુટુંબ સમૂહ લગ્ન (એક સાથે એકજ દિવસે લગ્ન) કરવા માંગતા હોય તો કોઈપણ ગામમાં બન્ને પક્ષવાળાએ વાંધો લેવો નહીં. આ સમૂહ લગ્નપ્રથાને જો કોઈપણ તોડવા પ્રયત્ન કરે તો તેને કુટુંબ તથા ગામ સમજાવે અને જો ન સમજે તો તેને સહકાર આપવો નહીં.
(૩) સમૂહ લગ્નમાં જોડાનાર પક્ષોએ સત્કાર સમારંભ યોજવા નહીં.

ઠરાવ નં. ૧૦

આણાં સંબંધે :

આણાંની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૧

મામેરાં સંબંધે :

(૧) મામેરામાં ભાંણેજાને વાઘાના કપડાં વિગેરે તેમજ બહેનને તથા બનેવીને કપડાંની જોડ આપવી, તે સિવાય બાકીનાઓને પહેરામણી બદલ રૂા.૧૫/- (પંદર) રોકડા આપવા અને જમણ તેમજ દાગીના વગેરે બદલ મર્યાદિત રોકડ રકમ ગુપ્તપણે આપવી.

(૨) મામેરાંની વળતરમાં ભાઈને સાલ અને ભાભીને બ્લાઉઝ આપી શકાશે અને મામેરું બેઠું ભરવું અને તેની જાહેરાત કરવી નહીં. મામેરાંમાં મર્યાદિત સંખ્યામાં જવું.

નોંધ મામાએ કન્યાને વાઘાનાં કપડામાં માત્ર પાનેતર, બ્લાઉઝ અને ચણીયો જ આપવાનો રહેશે.

ઠરાવ નં. ૧૨
પુનઃ લગ્ન સંબંધે :

(૧) કન્યા વિધવા બને અથવા જ્ઞાતિ રીત મુજબ છૂટા-છેડા મેળવે તેનું પુનઃ લગ્ન થઈ શકશે.

(૨) આવા પુનઃ લગ્નનું સગપણ કરતી વખતે વરપક્ષ તરફથી રૂ.૧૧/- (અગિયાર) ફેરવવાના રહેશે અને સગપણ નકકી થયા બાદ તે રૂપિયા અગિયાર પ્રસાદી માટે આપવાના રહેશે.

(૩) આવા પુનઃ લગ્નમાં વર અને અણવર સિવાય વધારેમાં વધારે ૨૫ (પચ્ચીસ) માણસોએ જવું અને એક ટાણું જમવાનું રહેશે.

(૪) તદ્ઉપરાંત વરપક્ષે નીચે મુજબ કપડાં તથા દાગીના આપવાના રહેશે.

(૧) કપડાંની જોડ - ૧ કન્યા માટે.
(૨) નાકની સળી હેમની નંગ - ૧.
(૩) મઢેલું કંકણ નંગ - ૧.
(૪) પગનાં સાંકળાં જોડ - ૧

આ ઉપરાંત દાગીના કે રોકડ રકમ આપવી નહીં.

(૫) પાછા પગનાં આણાં સદંતર બંધ કરવામાં આવેછે.

ઠરાવ નં. ૧૩
છૂટા-છેડા સંબંધે :-

(૧) એક વખત સમજી વિચારીને લગ્નગ્રંથિથી જોડાયા બાદ છૂટા-છેડા

લઈ શકાશે નહીં. પરંતુ પતિ-પત્નીમાંથી કોઈપણ એક હિન્દુ કાયદા મુજબ ખોડ-ખાંપણવાળું હોય ત્યારે જ્ઞાતિની સંમતિથી છૂટા-છેડા લઈ શકાશે.

(૨) સમાજના કોઈપણ ભાઈએ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી નહીં. કાનૂનના ઓથે રહી ''રખાત' નામનું કલંકિત દૂષણ અપનાવી શકશે નહીં. એવું નિંદીત કાર્ય કરશે અથવા જે કોઈ સાથ સહકાર આપશે તેઓ પણ સામાજિક ગુન્હાને પાત્ર ગણાશે. આ કાર્ય કરનાર અને કરાવનાર પાસેથી સમાજ જરૂરી ખુલાસાઓ મેળવશે અને તે અંગે સમાજના નિયમની અવગણના કરનારની સાથે કોઈપણ પ્રકારનો સામાજિક વ્યવહાર રાખવો નહીં, સહકાર આપવો નહીં અને જ્ઞાતિના કોઈપણ સંગઠન કે સંસ્થાઓના સભ્યપદેથી દૂર કરવા જોઈએ. આવાં દૂષણો ન થાય તે માટે કુટુંબ પાંખડી કે ગામની તકેદારી સમિતિના સભ્યો અને કાર્યકર્તાઓએ તકેદારી રાખવાની રહેશે.

નોંધ છૂટા-છેડા લીધેલ કે મેળવેલને કુંવારી કન્યા આપવી નહીં.

ઠરાવ નં. ૧૪
મરણ પછીના ખર્ચ (દાડા) સંબંધે :

(૧) મરનાર વ્યક્તિ પાછળ કોઈએ (દાડો) ખર્ચ કરવો નહીં.

(૨) બારમાની વિધિ પૂરી કરી બ્રાહ્મણો, નિયાંણીઓ કે ગરીબોને પોતાની શક્તિ અનુસાર જમાડવા અને તેરમું કરવું નહીં.

(૩) મરનાર વ્યક્તિ પાછળ તેના સ્મરણાર્થે કોઈ રકમ આપવા માંગતા હોય તો તેઓને સમાજના કેળવણી ફંડ, હોસ્પિટલ ફંડમાં અથવા એવા સામાજિક ઉન્નતિના કાર્યોમાં તે રકમ આપવા આ પરિષદ ખાસ ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૫

કુદરતી ઘરભંગ થાય તે સંબંધે :

(૧) દીકરીને સાસરાનાં ઘેર મોકલ્યા પછી મૃત્યુ પામે તો દીકરીને જીવીત સમય દરમિયાન આપેલ દાનની કોઈપણ વસ્તુ પાછી લેવી નહીં.

(૨) જમાઈનું મૃત્યુ થાય તેવા પ્રસંગે દીકરીના માવિત્રો તે દીકરીને ત્યાંથી લઈ જવા માંગતા હોય તો દીકરીના માવિત્રોએ આપેલ દાગીના સિવાય બીજું કાંઈ પાછું લઈ જઈ શકશે નહીં, પરંતુ તે દીકરીને બાળકો હોય અને તે દીકરીની સાથે ન લાવતાં ત્યાં છોડી આવવાના હોય તો તેવા પ્રસંગે દીકરીના માવિત્રોએ દીકરીને આપેલ દાગીના તથા અન્ય કોઈપણ વસ્તુ પાછી લઈ જઈ શકશે નહીં.

ઠરાવ નં. ૧૬

શિક્ષણ સંબંધે :

આ પરિષદ જ્ઞાતિજનોને ખાસ ભલામણ કરે છે કે... આ પ્રગતિશીલ યુગને અનુસરીને સૌ પોતાનાં બાળકો (પુત્ર-પુત્રીઓ)ને ઉચ્ચ શિક્ષણ ફરજિયાત અપાવે. પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની ધગશ ધરાવનારને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે અને તેની કદર કરે છે. દેશ-પરદેશમાં વસતાં સમાજનાં ભાઈ-બ્હેનોએ પોતાના ઘરમાં માતૃભાષા (ગુજરાતી)નો ઉપયોગ કરવો જોઈએ તેવી આ સમાજ (પરિષદ) ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૭

લગ્ન વિધિ બાબત :

દરેક ગામ, કંપાઓ તેમજ અન્ય સ્થળોએ લગ્નવિધિ અંગેની બ્રાહ્મણોની પદ્ધતિ અલગ હોય છે. તેમાં અલગ-અલગ પદ્ધતિનાં

કારણે મનદુઃખ ન થાય તે માટે સમાજે લગ્નવિધિની પુસ્તિકા પ્રકાશિત કરેલ છે. તે મુજબ જ દરેક જગ્યાએ લગ્નવિધિ કરવી જોઈએ તેવો સમાજ આગ્રહ રાખે છે.

ઠરાવ નં. ૧૮
બાહ્ય આચરણો અંગે :

જ્ઞાતિમાં સંપૂર્ણ એકવાક્યતા જળવાય તે માટે કચ્છ- ગુજરાત અને ભારત તેમજ વિદેશોમાં વસતા આપણા સમાજનાં જ્ઞાતિજનોએ જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો હિન્દુ રીતરિવાજો મુજબ પાળવા (આચરવા) ના રહેશે.

ઠરાવ નં. ૧૯
સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગે :

સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નોએ સમાજમાં મતભેદ થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજિક ધોરણે થવો જોઈએ, અને કોર્ટનો આશરો લેવો જોઈએ નહીં. એવું આ સમાજ અત્રેથી ઠરાવે છે.

નોંધ : જ્ઞાતિજનોએ આ ઉપરોક્ત દરેક ઠરાવોનું પાલન કરવાનું રહેશે અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તો કોઈએ તેને સહકાર આપવો નહીં.

ઠરાવ નં. ૧૫

કુદરતી ઘરભંગ થાય તે સંબંધે :

(૧) દીકરીને સાસરાનાં ઘેર મોકલ્યા પછી મૃત્યુ પામે તો દીકરીને જીવીત સમય દરમિયાન આપેલ દાનની કોઈપણ વસ્તુ પાછી લેવી નહીં.

(૨) જમાઈનું મૃત્યુ થાય તેવા પ્રસંગે દીકરીના માવિત્રો તે દીકરીને ત્યાંથી લઈ જવા માંગતા હોય તો દીકરીના માવિત્રોએ આપેલ દાગીના સિવાય બીજું કાંઈ પાછું લઈ જઈ શકશે નહીં, પરંતુ તે દીકરીને બાળકો હોય અને તે દીકરીની સાથે ન લાવતાં ત્યાં છોડી આવવાના હોય તો તેવા પ્રસંગે દીકરીના માવિત્રોએ દીકરીને આપેલ દાગીના તથા અન્ય કોઈપણ વસ્તુ પાછી લઈ જઈ શકશે નહીં.

ઠરાવ નં. ૧૬

શિક્ષણ સંબંધે :

આ પરિષદ જ્ઞાતિજનોને ખાસ ભલામણ કરે છે કે... આ પ્રગતિશીલ યુગને અનુસરીને સૌ પોતાનાં બાળકો (પુત્ર-પુત્રીઓ)ને ઉચ્ચ શિક્ષણ ફરજિયાત અપાવે. પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની ધગશ ધરાવનારને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે અને તેની કદર કરે છે. દેશ-પરદેશમાં વસતાં સમાજનાં ભાઈ-બ્હેનોએ પોતાના ઘરમાં માતૃભાષા (ગુજરાતી)નો ઉપયોગ કરવો જોઈએ તેવી આ સમાજ (પરિષદ) ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૭

લગ્ન વિધિ બાબત :

દરેક ગામ, કંપાઓ તેમજ અન્ય સ્થળોએ લગ્નવિધિ અંગેની બ્રાહ્મણોની પદ્ધતિ અલગ હોય છે. તેમાં અલગ-અલગ પદ્ધતિનાં

કારણે મનદુઃખ ન થાય તે માટે સમાજે લગ્નવિધિની પુસ્તિકા પ્રકાશિત કરેલ છે. તે મુજબ જ દરેક જગ્યાએ લગ્નવિધિ કરવી જોઈએ તેવો સમાજ આગ્રહ રાખે છે.

ઠરાવ નં. ૧૮

બાહ્ય આચરણો અંગે :

જ્ઞાતિમાં સંપૂર્ણ એકવાક્યતા જળવાય તે માટે કચ્છ- ગુજરાત અને ભારત તેમજ વિદેશોમાં વસતા આપણા સમાજનાં જ્ઞાતિજનોએ જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો હિન્દુ રીતરિવાજો મુજબ પાળવા (આચરવા) ના રહેશે.

ઠરાવ નં. ૧૯

સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગે :

સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નોએ સમાજમાં મતભેદ થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજિક ધોરણે થવો જોઈએ, અને કોર્ટનો આશરો લેવો જોઈએ નહીં. એવું આ સમાજ અત્રેથી ઠરાવે છે.

નોંધ : જ્ઞાતિજનોએ આ ઉપરોક્ત દરેક ઠરાવોનું પાલન કરવાનું રહેશે અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તો કોઈએ તેને સહકાર આપવો નહીં.